મહેકમમાં પટાડો થતાં વધારાના
જાહેર થતાં રેગ્યુલર મહેકમ ઉપરના
કર્મચારી/અધિકારીઓને સમાવવા
તથા છૂટા કરવાની કાર્યવાહી
અંગે સૂચના.

ગુજરાત સરકાર,
નર્મદા અને જળ સંપત્તિ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઈએસટી/૧૦૮૬/૧૪૫૮૫/(૧૮)/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૬/૬/૧૯૯૦.

વંચાણે લીધા :- નર્મદા વિકાસ વિભાગના તા. ૪-૬-૮૮ નાં
પરિપત્ર ક્રમાંક: ઈએસટી/૧૦૮૬/૧૪૫૮૫/(૧૮)/ગ.

## ઠ રા વ

આ વિભાગના તા. ૧૮-૫-૯૦ ના સરખા ક્રમાંકના ઠરાવથી કરવામાં આવેલ હુકમો રદ કરીને નીચે પ્રમાણે હુકમો કરવામાં આવે છે.

નર્મદા અને જળ સંપત્તિ વિભાગ હેઠળની વર્તુળ કચેરીઓમાં વિભાગો/પેટા વિભાગો બંધ થતાં કે મહેકમમાં પટાડો થતાં વધારાના જાહેર થતા રેગ્યુલર મહેકમ પરના કર્મચારીઓને / અધિકારીઓને સમાવવા તથા છૂટા કરવા અંગે ઉપર આમુખ હેઠળ દર્શાવેલ તા. ૪-૬-૮૮ નાં પરિપત્રથી જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ બાબતે નીચે પ્રમાણે કાર્યપધ્ધતિ અપનાવવાનું સરકારે નકકી કર્યું છે.

૧. આ વિભાગ હેઠળની વર્તુળ કચેરીઓમાં વિભાગો / પેટા વિભાગો બંધ થતાં કે મહેકમમાં પટાડો થતાં, જો રેગ્યુલર મહેકમ પરનાં કર્મચારી/અધિકારીઓને વિભાગ હેઠળ સમાવી શકાય એમ ન હોય પરંતુ વધારાના જાહેર કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય તથા આ વિભાગ સિવાય અન્ય વિભાગ હેઠળ નિમણુંક / બદલી કરવાનાં સંજોગો ઉભા થાય ત્યારે જુનીયોરીટી પ્રમાણે જુનીયર મોસ્ટ કર્મચારીનેજ વધારાનાં જાહેર કરવા અને તે અંગે ઉપર આમુખ હેઠળ દર્શાવેલ તા. ૪-૬-૮૮ નાં પરિપત્ર પ્રમાણે કાર્યવાહી વિચારવી.

૨.....

૨. આ વિભાગ હેઠળની વર્તુળ કચેરીઓમાં વિભાગો / પેટા વિભાગો બંધ થતાં કે મહેકમમાં પટાડો થતાં, જો રેગ્યુલર મહેકમ પરના કર્મચારો/ અધિકારીઓને છૂટા કરવાનાં ન હોય પણ આ વિભાગમાંજ અગર સરદાર સરોવર નર્મદા નિગમમાં સમાવવાના હોય અથવા ફાજલ થયા પછી પણ વિભાગ હેઠળ ચાલુ રાખવાના થતાં હોય તેવા કિસ્સાઓમાં, તેવી બંધ થતી કે બંધ થયેલ કચેરીઓના ખરેખર કામગોરી કરતાં કર્મચારીઓ / અધિકારીઓનોજ બદલી કરવાની રહેશે. આવા કિસ્સાઓમાં રાજ્યકક્ષાનો કે વર્તુળ કક્ષાનો સિનિયોરોટો કે ઝોનલ કચેરીનો જ્યેષ્ઠતા મુજબ જુનીયોરોટો પ્રમાણે જુનીયર મોસ્ટ કર્મચારીનો બદલી કરવાનું નહીં વિચારતાં બંધ થયેલ કચેરીમાં ખરેખર કામગીરી કરતાં ( ફકત તે અને તેટલાંજ ) કર્મચારીઓ અધિકારીઓની બદલી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે,

(સહી)

( આનંદ ઝીંઝાલા )
સેકશન અધિકારી
નર્મદા અને જળ સંપત્તિ વિભાગ.